દક્ષિણ ભારતની હિરોઈનો જ્યારે બોલીવુડમાં આવે છે ત્યારે ગાંધીનગરની દિકરીનું કોલીવુડ તરફ અનેરૂ કદમ

ગાંધીનગરની દિકરી અવની મોદીનું દક્ષિણની ફિલ્મમાં પદાર્પણ

''નાના રાજા વાધા પોગીરીન'' ફિલ્મમાં હિરોઈનની ભૂમિકા અદા કરી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરની દિકરી અવની મોદીએ દક્ષિણ ભારતમાં તામિલ ફિલ્મમાં પદાર્પણ કરીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. દક્ષિણની તામીલ ભાષાની નાના

રાજાવાદ્યા પોગીરીન (મેં રાજા બનને જા રહા હું) ફિલ્મમાં હિરોઇન તરીકે ભૂમિકા અદા કરીને માત્ર ગાંધીનગરનું જ નહી સમગ્ર રાજયનું ગૌરવ વધાર્યું છે. છેલ્લા ચાર વર્ષથી મુંબઇ ખાતે એકટીગ અને મોડેલીગ ક્ષેત્રે અનેકવિધ ભૂમિકાઓ અદા કરી છે.

ઉદયમ વી.એલ.એસ. દ્વારા નિર્મિત અને પૃથ્વીરાજકુમાર દ્વારા દિગ્દર્શીત આ ફિલ્મ દક્ષિણના એવોર્ડ વિનર લેખક વેટરી મારન દ્વારા લખાયેલ છે. જેમાં હીરો તરીકે નકુલ અને હીરોઇન તરીકે અવની મોદી છે. તેમજ સંગીત એ.આર. રહેમાનના ભાણેજ જી. વી. -કાશએ આપ્યું છે.

આ ફિલ્મ કર્ણાટક, તામિલનાડુ, સિંગાપુર, મલેશિયા જેવા શહેરોના વિવિધ ૩૦૦ થી વધુ સિનેમાગૃહોમાં હાલ રજુ થઇ છે. તેણે લોકોમાં ભારે આકર્ષણ જગાવ્યું છે. હાલ વિદ્યાબાલન, અસીન જેવી દક્ષિણ ભારતની અભિનેત્રીઓ બોલીવુડમાં પદાર્પણ કરી રહી છે. ત્યારે આ ગુજરાતની દિકરીએ દક્ષિણની તામિલ ભાષાની કોલીવુડ ફિલ્મોમાં પદાર્પણ કરી રાજયને ગૌરવ અપાવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અવની મોદીનો જન્મ ગાંધીનગર ખાતે થયો હતો તેણે -નથમિક શિક્ષણ સ્વામીનારાયણ ગુરૂકુલ સે-૨૨ ખાતે, માધ્યમિક શિક્ષણ ચૌધરી સ્કૂલ, સે-૭ ખાતે, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સેન્ટ ઝેવિયર્સ, સે-૮ ખાતે મેળવ્યું હતું ત્યારબાદ એચ.એલ. કોલેજ, અમદાવાદ ખાતે ગ્રેજયુએશન કર્યું હતું. નાનપણથી જ એકટીગ ક્ષેત્રે રસ ધરાવતી આ દિકરીએ અભ્યાસકાળ દરમિયાન ઇ. ટીવીના 'ગીત ગુંજન' અને 'યુવા સંગ્રામ' કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને એકટીગને વ્યવસાય તરીકે અપનાવવાના ધ્યેયથી તેમણે મુંબઇની ખ્યાતનામ ઇન્સ્ટીટયુટ કે.એમ. કે. (કિશોર નમીત કપુર) ખાતે એકટીગનો ડિપ્લોમાની ડિગ્રી હાંસલ કરીને મુંબઇમાં જ મોડેલીગ ક્ષેત્રે -દાન કર્યું છે. અને આગવી ઓળખ -સ્થાપિત કરીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપની સોની એડવર્ટાઇઝીગમાં પણ ખાસ મોડેલીગ કરેલ છે. જેમાં મુખ્યત્વે એરટેલ કંપનીની એડમાં શાહરૂખખાન સાથે, 'પરફેક્ટ હેર કેર' શેમ્પુની એડમાં, તનાજ બખ્તીયાર સાથે અને 'સ્ટેફી નાઇટવેર', 'શકિત મસાલા', તેમજ અમેરીકાનીં રીયલ કોકો વોટર જેવી અનેક કંપનીની ન્ડકટસમાં મોડેલીગ કરેલ છે. જેના કારણે આજે આ સફળતા મળી છે. આ ઉપરાંત અવની મોદીએ યશરાજ બેનરની સોની ટીવી પર આવતી 'માહિવે' તેમજ ઝી ટીવીનીં સંભવ કયાં ટીવી સીરીયલોમાં પણ અનોખી ભૂમિકા અદા કરી છે. ઉપરાંત વીનસ દ્વારા બહાર પડાયેલો અલ્તાફ રાજા સાથે 'અશ્કો કી બારાત' ના વિડીયો આલ્બમમાં પણ તેણે ભૂમિકા અદા કરી છે.

અવની મોદીની આગામી સમયમાં હજુ બે નવી તામીલ ફિલ્મો આવનાર છે. તેમજ દક્ષિણ ભારતની ફિલ્મોના ચાહકો માટે અવની મોદી એ એક પરિચીત ચહેરો બની ચુકી છે.

ડ્રેનેજનું પાણી ખેંચનાર સામે ફરિયાદ કરાશે

સરગાસણ-અડાલજ વિસ્તારમાં તંત્રની ટીમે તપાસ હાથ ધરી ૧૨ ફાઈટર ધારકોને નોટીસ આપી

ગાંધીનગર, તા.૨

સરગાસણ-અડાલજ વિસ્તારમાં ડ્રેનેજ લાઈનમાંથી દૂષિત પાણી ખેંચી શાકભાજીનું વાવેતર કરવામાં આવતું હોવાની ફરિયાદના પગલે સફાળા જાગવા તંત્ર દ્વારા આ મામલે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ દરમિયાન ૧૨ જેટલા ફાઈટર ધારકોને તંત્ર એ નોટીસ આપી છે. જયારે હવે આ પ્રવૃત્તિ બદલ ફાઈટર જપ્ત કરી પોલિસ ફરિયાદ કરવા સુધીના પગલા લેવાશે.

સરગાસણ-અડાલજ-વિસ્તારમાં ખેડૂતો દ્વારા મુખ્ય ડ્રેનેજ લાઈનમાંથી દૂષિત પાણી ખેંચી શાકભાજીનું વાવેતર કરવામાં આવતા આ વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ પ્રર્વતે છે. જયારે દૂષિત પાણીમાંથી થતી ખેતીના લીધે ગુણવત્તા વગરની શાકભાજીનું ઉદઘાટન થતા જનઆરોગ્ય સામે પણ ખતરો મંડરાયો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. બીજી તરફ આ વિસ્તારમાં રહેણાંક સોસાયટીઓમાં પણ દૂષિત પાણીના લીધે અસહ્ય દુર્ગંધ પ્રવર્તતા નાગરિકો પણ તોબા પોકારી ગયા હોવાનો પ્રબળ આક્રોશ પ્રર્વતતા નાગરિકો પણ તોબા પોકારી ગયા હોવાનો પ્રબળ આક્રોશ પ્રર્વત્યો છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ પાટનગર યોજના વિભાગ દ્વારા ફાઈટર મૂકીને પાણી ખેંચતા આવા તત્વો સામે તપાસ હાથ ધરવામાં આવી હતી. અડાલજ સરગાસણ વિસ્તારમાં ૧૨ જેટલા ફાઈટરોના માલિકોને તંત્રએ બિનઅધિકૃત પાણી ખેંચવાનું બંધ કરવા નોટીસ આપી છે. આજે તંત્રની ટીમે 'ખ' માર્ગના વિસ્તારમાં પણ તપાસ હાથ ધરી હતી. દુષિત પાણી ખેંચી શાકભાજીનું ઉત્પાદન કરવામાં સામેલ થવા ફાઈટર ધારકો સામે હવે આવી પ્રવૃત્તિ બદલ ફાઈટર જપ્ત કરી પોલિસ ફરિયાદ કરવા સુધીના પગલા લેવાશે તેમ પણ તંત્રએ જણાવ્યું છે.

સંત સરોવરની રોનક નિખરતા હજુ બે વર્ષ થશે : કામ પ્રગતિમાં

૬ વર્ષના અંતે યોજના ઠેકાણે પડવાની રાહમાં વાસણા બેરેજ જેવું સ્ટ્રક્ટર બનાવવા ૧૦૮ કરોડ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૨

વર્ષ ૨૦૦૬માં સાબરમતી નદીમાં આવેલ પુરમાં ધોવાયેલા સંત સરોવરનું કામ હાલ પૂરજોશમાં ચાલી

રહ્યું છે. ગત સપ્ટેમ્બર મહિનામાં ૬ વર્ષના અંતે સંતસરોવર યોજનાનું કામ પુનઃ હાથ ધરાયું છે. ગુજરાત ઈજનેરી સંસોધન સંસ્થા દ્વારા મોડેલ તૈયાર કરી પુર સહિતની સઘળી સ્થિતિ ચકાસીને યોજનાને આખરી ઓપ આપવામાં આવ્યો છે. સંત સરોવરમાં હાલ સાઈડ બાંધવાનું કામ ચાલુ છે. આ યોજનાના કામ અન્વયે રૂ. ૧૦૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરમાં સાડા ચાર દાયકા પૂર્વે શરૂ થયેલા વસવાટ દરમિયાન પીવાના, સિંચાઈના તેમજ ભૂગર્ભ જળ મેળવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. નગર વિકાસની સાથે વસતી વધતા જિલ્લા અને તાલુકાઓની રચના થયા બાદ સમયાંતરે પાણીની જરૂરિયાત વધી હતી. ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં અપૂરતા વરસાદના લીધે ધીમે ધીમે સાબરમતી નદીમાં ફક્ત ચોમાસા દરમિયાન જ પાણી જોવા મળે છે. ભૂગર્ભ જળના રીચાર્જીગની પ્રક્રિયા પણ ધીમી પડી છે. ભૂગર્ભજળના તળ દર વર્ષે બે થી ત્રણ મીટર ઉંડા ઉતરતા જાય છે. આ સ્થિતિને ધ્યાને લઈ વરસાદી પાણીનો સંગ્રહ કરવા અને રીચાર્જીગની પ્રક્રિયા થઈ શકે તે માટે શહેરી વિસ્તાર નજીક સાબરમતી નદી પર ઈન્દ્રોડા ગામ પાસે સંત સરોવર યોજનાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૦૬ દરમિયાન સાબરમતીમાં પુર આવતા સંત સરોવરનું ધોવાણ થયુ હતું. લાખોનુ નુકશાન થતા યોજનાનું કામ પણ અટવાયું હતું. ત્યારબાદ વર્ષો સુધી આ યોજના અન્વયે કામ હાથ ન ધરાતા સંત સરોવરની રોનક નિખરી ન હતી. આખરે ૬ વર્ષના અંતે ગત તા. ૨૧ સપ્ટેમ્બર વર્ષ-૨૦૧૨ ની સંતસરોવરની યોજનાનું કામ હાથ ધરાયું છે. ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા દ્વારા આ મામલે સાબરમતી નદીનું મોડેલ બનાવી પુરની સ્થિતિનો યોગ્ય અભ્યાસ કરી સમગ્ર ડીઝાઈન આખરી કરવામાં આવી છે. વાસણા

● અનુસંધાન પાન-૭ પર

સેક્ટર-૩૦ના સર્કલ પર ફરજ બજાવતા હેડકોન્સ્ટેબલનું હૃદયરોગના હુમલામાં અવસાન

સે. ૩૦ સર્કલે સવારે ૮ વાગે ડ્યુટી પર પહોંચ્યા ને વાહનચેકીંગ ચાલુ કર્યું ત્યારે ૧૫ જ મિનિટમાં છાતીમાં દુઃખાવો શરૂ થઈ ગયો : ૧૦૮ને જાતે ફોન કરીને બોલાવી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પોલીસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા રામજીભાઈ દેસાઈ આજે સવારે ૮ વાગ્યે ડ્યુટી પોઈન્ટ સે. ૩૦ સર્કલ પાસે પહોંચ્યા અને વાહનચેકીંગ કામગીરી શરૂ કરી તે દરમ્યાન ૧૫ જ મિનિટ બાદ સવા આઠ વાગ્યાના અરસામાં તેમને છાતીમાં દુઃખાવો શરૂ થઈ જતાં પોતે જ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરીને બોલાવી લીધી હતી. એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચેલા હેડ કોન્સ્ટેબલની સારવાર શરૂ કરવામાં આવી જેમનું સવા દશ વાગ્યાના અરસામાં મૃત્યુ નિપજ્યું હતું. હાર્ટ એટેકથી મૃત્યુ થયું હોવાનું પોસ્ટમોર્ટમમાં બહાર આવ્યું છે. ચાલુ

ફરજે પરિવારના મોભી તેવા હેડ કોન્સ્ટેબલના મૃત્યુથી પરિવાર સહિત જિલ્લા પોલીસમાં શોકની લાગણી પ્રવર્તી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનમાં ૫૦ વર્ષિય રામજીભાઈ ભુરાભાઈ દેસાઈ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. આજે સવારે ૮ વાગે તેઓ ઘરેથી તેમની ડ્યુટી કરવા સે. ૩૦ સર્કલે પહોંચ્યા હતા. ૧૫ મિનિટ ત્યાંથી પસાર થતા વાહનોનું ચેકીંગ કર્યું અને અચાનક છાતીમાં અસહ્ય દુઃખાવો શરૂ થઈ ગયો હતો. રામજીભાઈએ તાત્કાલિક પોતાના ખિસ્સામાંથી ફોન નિકાળીને ૧૦૮ને કોલ કરીને બોલાવી લીધી હતી. હાર્ટએટેક આવ્યો હોવાનો તેમને અંદાજ આવી ગયો હતો. એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવામાં આવેલા હેડ કોન્સ્ટેબલ રામજીભાઈ હૃદયના હુમલાની અસહ્ય પીડા વેઠતા જીવન મૃત્યુ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા હતા. સારવાર દરમ્યાન સવા દસ વાગ્યે તેમનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. ચાલુ ફરજે હૃદયના હુમલાથી મોતને ભેટેલા હેડ કોન્સ્ટેબલને બે સંતાનો છે. મૃત્યુના સમાચારથી પરિવારજનો સહીત પોલીસતંત્રમાં શોકની કાલીમાં છવાઈ ગઈ છે. સે. ૨૧ પોલીસે પોસ્ટમોર્ટમ કરાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

The Gandhinagar Nagarik Co-operative Bank Ltd.
REGD. OFFICE : Plot No. 391, GH.4, Sector-16, Gandhinagar - 382 016.
Ph. : (H.O.) : (079) 23247215, 23247216, Fax : (079) 23232336
Flood IT knowledge revolution
Project Flood IT
ફક્ત ગુજરાતના વિદ્યાર્થીઓ માટે
કમ્પ્યુટર ખરીદવાની રામૂલ્ય તક
... અને હવે જ્ઞાન ક્રાંતિ
બદલતા યુગની નવી પહેલ...
આંતરરાષ્ટ્રીય બ્રાન્ડના ૩૮ મોડલ્સની વિશાળ પસંદગી
ડેસ્કટોપ -૧૦, લેપટોપ-૧૬, ઓલ-ઈનવન-૩, અલ્ટ્રા બુક-૨, ટેબલેટ-૩
સહકારી / ડિસ્ટ્રીકટ બેન્કો, સહકારી સંસ્થાઓ દ્વારા ધિરાણ*
૩૦% લોન*, ૦% વ્યાજ દર*, ૧૨ માસિક હપ્તા
intel HCL hp lenovo
ગાંધીનગર નાગરિક કો. ઓ. બેંક લિ. ગાંધીનગર
પ્લોટ નં. ૩૦૧, ઘ-રોડ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬.
Online Registration : www.projectflood.com or Call : 1800 233 6121

સી.બી.આઈ.એ ધરપકડ વોરંટ મેળવતા પી.પી. પાંડેની મુશ્કેલીઓ વધી

ગાંધીનગર, તા. ૨

ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સી.બી.આઈ.એ કોર્ટમાંથી ધરપકડ વોરંટ મેળવતાં પોલીસ અધિકારી પી.પી. પાંડેની મુશ્કેલી વધી જવા પામી છે.

ગુજરાતના બહુચર્ચીત ઈશરત જહાં એન્કાઉન્ટર કેસની તપાસ સી.બી.આઈ.ને સોંપવામાં આવ્યા બાદ સી.બી.આઈ.એ કેટલાક પોલીસ અધિકારીઓની ધરપકડ કર્યા બાદ આ કેસમાં કાઈમ બ્રાન્ચના તત્કાલિન જેસીપી અને હાલમાં એડીશનલ ડીજી તરીકે ફરજ બજાવતાં પી.પી. પાંડેને પુછપરછ માટે સી.બી.આઈ.એ બે વાર સમન્સ પાઠવ્યા હતા.

જો કે પી.પી. પાંડે સી.બી.આઈ. સમક્ષ હાજર થયા ન હતા અને ભુગર્ભમાં ઉતરી ગયા હતા.

સી.બી.આઈ.એ પી.પી. પાંડેની ધરપકડ કરવાની માંગણી કરતી એક અરજી કોર્ટમાં કરી હતી જો કે કોર્ટે તેને નામંજૂર કરી હતી જેની સાથે સી.બી.આઈ.એ ધરપકડ વોરંટ મેળવવા માટે સી.બી.આઈ. સેસન્શ કોર્ટમાં રીવીઝન અરજી કરી હતી. જેના પર આજે કોર્ટે સુનવણી કરીને સી.બી.આઈ.ની અરજી ગ્રાહ્ય રાખતા સી.બી.આઈ.એ પી.પી. પાંડેની ધરપકડ વોરંટ મેળવ્યું હતું.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સી.બી.આઈ.એ ધરપકડ વોરંટ મેળવતા પી.પી. પાંડેની મુશ્કેલી વધવા પામી છે. પી.પી. પાંડેને શોધવા માટે સી.બી.ાઈ.ની ટીમ ઉત્તરપ્રદેશ પહોંચી છે.

નોટીસ
સાંચા કામ સબબે તારીખ ૪-૫-૧૨, શનિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.
૧. નેશનલ પાર્ક, PNT
૨. ઈન્દ્રોડા ગામ, PNT
૩. ડ્રેઈનેજ પમ્પીંગ, PNT
૪. વોટર પમ્પ નેશનલ પાર્ક, PNT
સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી.
ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૭૪૧૯૮૩૬૬

કમિશ્નરની ટીમનો કંગાળ દેખાવ ૨૪ રનમાં જ ટીમ તંબુ ભેગી થઈ ગઈ

મેયરની ટીમ ૯૬ રનમાં ઓલઆઉટ

ગાંધીનગર, તા. ૨

આજથી રાજકોટ ખાતે શરૂ થયેલ મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગાંધીનગર કમિશ્નરેટ ટીમનો વડોદરા સામે કારમો પરાજય થયો છે.

વડોદરા કમિશ્નરની ટીમ સામે ગાંધીનગર ટીમનો દેખાવ ખરાબ રહ્યો હતો. ટીમ માત્ર ૨૪ રનના જુમલામાં આઉટ થઈ જવા પામી હતી. સાત રનના જુમલામાં તો ટીમે તેની પાંચ વિકેટ ગુમાવી દીધી હતી.

આ પછી દાવમાં આવેલ વડોદરા કમિશ્નરની ટીમે વિજય માટે જરૂરી ૨૫ રન એક વિકેટના ભોગે બનાવ્યા હતા. ગાંધીનગર કમિશ્નરેટ તરફથી રતિલાલભાઈએ વિકેટ ઝડપી હતી.

આ મેચ પછી વડોદરા કાઉન્સીલરો અને ગાંધીનગર કાઉન્સીલરો વચ્ચે મેચ શરૂ થઈ હતી. છેલ્લા અહેવાલ મળ્યા ત્યારે ગાંધીનગર ટીમે ટોસ જીતી અને ૧૭ ઓવરમાં ૯૬ રન બનાવી ઓલઆઉટ થયા હતા.

બાળ વિશ્વવિદ્યાલય
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-૨૦, ગાંધીનગર
૧૮ વર્ષની ઉંમર સુધીના તરુણોના વિકાસ માટે સ્થપાયેલી ભારતની એકમાત્ર યુનિવર્સિટી યોજે છે - કૌશલ્ય વિકાસ શિબિર - ગાંધીનગરમાં જ નિવાસ કરતા ઉંમર ૧૩ થી ૧૮ વર્ષના તરુણોએ યોગ, સંસ્કૃત સંભાષણ અને ગીતમાં કૌશલ્ય પ્રાપ્તિ માટે સત્વરે નામ નોંધાવવા.
● તારીખ : ૧૨ થી ૨૫ મે-૨૦૧૩ ● સમય : સવારે ૭-૩૦ થી ૯-૦૦
● રજીસ્ટ્રેશન ફી રૂ. ૧૦૦/- ફક્ત (વ્યક્તિ દીઠ)
● માત્ર ૧૦૦ તરુણોને જ પ્રવેશ મળશે.
સંપર્ક નંબર : વિરલ રાવલ - ૯૦૬૯૦૩૧૬૧૭
વધુ માહિતી માટે www.cugujarat.ac.in જુઓ
રજિસ્ટ્રાર
માહિતી/૨૨૦/૧૩-૧૪ બાળ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre) Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા યોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383/82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com